| | | | | |
|---|---|---|---|---|
| કેસ દાખલ થયા તારીખ | : | ૧૯ / ૦૨ /૨૦૨૫ | | |
| કેસ રજી. થયા તારીખ | : | ૧૯ / ૦૨ /૨૦૨૫ | | |
| કેસ ફેંસલ થયા તારીખ | : | ૧૭ / ૦૩ /૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૧ | ૦૦ | ૨૬ |

---

**બાયડના મહે. એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં,**
**મુ.બાયડ, જી. અરવલ્લી**

---

**ફોજદારી કેસ નંબર : ૩૨૧ /૨૦૨૫**
**આંક :- ૩૭**

ફરીયાદી:- રાજેશ ટ્રેડીંગના પ્રોપોરાઈટર
દિલીપકુમાર મદનલાલ શાહ
ઉ.વ.આ.- ૪૫ , ધંધો- વેપાર
રહે. ૮,વ્રજ ગાર્ડન સોસાયટી, બાયડ,
તા.બાયડ,જી.અરવલ્લી.

**વિરુઘ્ધ**

આરોપી:- ૧.યોગેશ્વર કિરણા સ્ટોર્સ
મુ.પો.પાસરોડા, દુધ મંડળીની બાજુમાં,
તા.વિરપુર, જી.મહીસાગર
૨. યોગેશ્વર કિરણા સ્ટોર્સના ઓથોરાઈઝડ પર્સન
રમેશભાઈ મનોહરભાઈ પ્રજાપતિ.
રહે. પાસરોડા, દુધ મંડળીની બાજુમાં,
તા.વિરપુર, જી.મહીસાગર.

---

**ગુન્હો :- <u>ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ તથા ૧૪૨ મુજબ</u>**

---

| |
|---|
| ફરીયાદી તરફે વિ. વ.............શ્રી આર.બી.પટેલ |
| આરોપી તરફે વિ.વ...............શ્રી આર.કે.વણકર |

**:: ઠરાવ ::**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના ફરીયાદી બાયડ મુકામે રહે છે અને દહેગામ રોડ ઉપર ઈરીગેશન કોલોની સામે રાજેશ ટ્રેડીંગના નામે ખાધતેલ, ખાંડ, ચોખા, ગોળ, દાળ, સોજી, બેસન, શ્રીફળ, કપાસીયા, ખોળ વગેરેનો હોલસેલનો વેચાણનો ધંધો કરે છે. આરોપી પાસરોડા મુકામે રહે છે અને ઉપરોક્ત સરનામે કરીયાણાનો વેપાર ધંધો કરે છે. આરોપી નં-૨ નાઓ અવાર નવાર ફરિયાદી પાસેથી જરૂરીયાત મુજબ માલની ખરીદી કરતા અને બીલની રકમ નીયમીત રીતે ચુકવી આપતા અને આરોપી નં-૨ નાઓને ફરિયાદી સાથે વિશ્વસનીય વ્યાપારીક સબંધો પ્રસ્થાપિત થયેલ છે.આરોપી નં-૨ નાઓ તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ ફરિયાદીની દુકાને આવેલા અને (૧) ૨૬ કી.ગ્રાની ૧ બેગના રૂ.૧૦૫૦/- ના ભાવની ૨ બેગ સોજી કિંમત રૂ.૨,૧૦૦/- તથા (૨) ૧ કિગ્રાના રૂ.૪૨.૫૦/- ભાવનો ૧૩૫ કિગ્રા ગોળ કિંમત રૂ.૫,૭૩૭.૫૦/- (૩) ૫૦ કિગ્રાનું ૧ કટ્ટુ રૂ.૩,૬૦૦/- ના ભાવનું ૧ કટ્ટુ બેસન કિમત રૂ.૩૬૦૦/- તથા (૪) ૧ કિગ્રાના રૂ.૭૪/- ના ભાવની ૯૦ કીગ્રા ચણા દાળ કિ.રૂ. ૬,૬૬૦/- તથા (૫) એક બોરીના રૂ.૮૭૫/- ના ભાવના ૨ બોરી શ્રી ફળ કિં.રૂ. ૧,૭૫૦/- તથા (૬) ૧ બેગના રૂ.૧૫૬૦/- ના ભાવની ૫ બેગ કપાસીયા ખોળ કીં.રૂ.૭,૮૦૦/- ની ખરીદી કરેલી. જેના લેબરના રૂ.૧૧૦.૫૦/- સાથે કુલ રકમ રૂ.૨૭,૭૫૮/- નું તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજનું બીલ નં-૩૪૨૦ નુ ફરિયાદી દ્વારા આરોપી નં-૨ ને આપવામાં આવેલ. તેમજ તેજ દીવસે (૧) ૫૦ કીગ્રાના ૧ કટ્ટાના રૂ.૧૯૦૪.૭૬/- ના ભાવના ૧૦ કટ્ટા ખાંડ કિં.રૂ. ૧૯,૦૪૭.૬૦/- તથા (૨) ૧ કિગ્રાના રૂ.૬૭.૮૬/- ના ભાવના ૪૦ કિગ્રા ખજુર કિંમત રૂ.૨૭૧૪.૪૦/- તથા (૩) ૧૫ કિગ્રા/૧૫ લીટરના ૧ ટીનના રૂ.૧૬૦૦/- ભાવનુ કપાસીયા તેલનું ૧ ટીન કિંમત રૂ.૧૬૦૦/- ભાવનું કપાસીયાનું તેલ ૧ ટીન કિંમત રૂ.૧૬૦૦/- તથા (૪) ૧૫ કિગ્રા/લીટરના ૧ ટીનના રૂ. ૧૫૨૩.૮૧ પૈસાના ભાવના કપાસીયા તેલના ૧૨ ટીન કિંમત કિ.રૂ.૧૮,૨૮૫.૭૨ પૈસા તથા (૫) ૧૫ કિગ્રાના ૧ ટીનના રૂ.૨,૫૭૧.૪૩/- ના ભાવનું મગફળી તેલનું ૧ ટીન કિંમત રૂ.૨૫૭૧.૪૩ તથા (૬) ૫ લીટરના ૧ ટીનના રૂ.૭૮૦.૯૫/-ભાવના મગફળી તેલના ૪ ટીન કિં.રૂ.૩૧૨૩.૮૦/-તથા (૭) ૧ લીટરના ૧ ટીનના રૂ.૧૬૦/- ના ભાવના મગફળી તેલના ૧૨ ટીન કિંમત રૂ.૧૯૨૦/- તથા (૮) ૫૦૦ ગ્રામ ના ૧ ટીનના રૂ.૮૩.૮૧/- ના ભાવના

મગફળી તેલના ૨૦ ટીન કિંમત રૂ.૧૬૭૬/- તથા (૯) ૨૫ કિગ્રાના ૧ કટ્ટાના રૂ.૧૦૭૧.૪૩ ના ભાવના ખાંડના બુરાના ૨ કટ્ટા કિંમત રૂ.૨,૧૪૦.૮૬ તથા (૧૦) ૧૫ લીટરના ૧ ટીનના રૂ.૧૫૦૦/- પૈસાના ભાવનું સનફ્લાવર તેલનું ૧ ટીન કિંમત રૂ.૧૫૦૦/- પૈસા વિગેરેની ખરીદી કરેલી જેના સી.જી.એસ.ટી.ના રૂ.૧૪૫૯.૫૬/-તથા જેના સી.જી.એસ.ટીના રૂ.૧,૪૫૯.૫૬/- સાથે ૦.૧૩ પૈસા રાઉન્ડ ફીગર માટે બાદ કરી કુલ રકમ રૂ.૫૭,૫૦૧/- નું તારીખ-૧૦/૦૩/૨૦૨૪ ના રોજનું બીલ નં-૩૮૮૬ નું ફરિયાદી દ્વારા આરોપીને આપવામાં આવેલ હતુ. જે બન્ને બીલ મળી રકમ રૂ.૮૫,૨૫૯/- (અંકે રૂપીયા પંચાસી હજાર બસ્સો ઓગણસાહીઠ પુરા) આરોપીએ ફરિયાદીને ચુકવવાના હતા. જે રકમ આરોપીએ ચુકવી આપવાનો વાયદો કરી માલખરીદ કરી વાહન નં- જી.જે.૩૧.ટી.૦૬૧૩ મારફતે લઇ ગયેલા.સદર આરોપી નં-૨ નાએ ફરિયાદીને નાણા વાયદા મુજબ ચુકવી ન આપતા ફરિયાદીએ આરોપી પાસે સદર લેણા પેટેના નાણાંની ઉઘરાણી કરતા આરોપી નં-૨ ઓક્ટોમ્બર-૨૦૨૪ માં ફરિયાદીની લેણી રકમ ચુકવવાની જવાબદારી અદા કરવા સારૂ આરોપી નં-૧ ના ખાતા નં-૨૦૮૦૦૨૦૦૦૦૦૨૪૧ નો તા.૧૬/૧૧/૨૦૨૪ ના રોજનો ચેક નં-૦૦૦૩૫૫ નો ફરિયાદીની દુકાનના નામનો રકમ રૂ.૮૫,૨૫૯/-(અંકે રૂપીયા પંચાસી હજાર બસ્સો ઓગણસાહીઠ પુરા)નો ચેક આરોપી નં-૨ નાએ ભરી ચેકમાં આરોપી નં-૨ નાએ ભરી ભરાવી આરોપી નં-૧ ની પેઢીના છાપેલા નામે ઓર્થોરાઇઝડ પર્સન તરીકે આરોપી નં-૨ નાએ સદર ચેક ફરીયાદીને આપેલ અને આરોપીએ જણાવેલ કે,સદર ચેક ચેકમાં જણાવેલ તારીખે ભરશો તો તમારા નાણાં મળી જશે જેથી ફરીયાદીએ આરોપીની વાતમાં વિશ્વાસ રાખી સદર ચેક સ્વિકારેલ.જે ચેક ની વિગત નીચે મુજબ છે.

**<u>ચેકની વિગત</u>**

| ચેક નંબર | બેંકનુ નામ | રકમ રૂા. | તારીખ |
|---|---|---|---|
| ૦૦૦૩૫૫ | બેંક ઓફ બરોડા,વિરપુર શાખા | ૮૫,૨૫૯ /- | ૧૬ / ૧૧ /૨૦૨૪ |

આ કામના આરોપીએ ફરીયાદીને આપેલ સુચના અને કહેવા મુજબ તા. ૧૬ / ૧૧ /૨૦૨૪ નારોજ સદર ચેક ફરીયાદીએ પોતાના ખાતાવાળી બેંક યુનીયન બેંક ઓફ ઇન્ડીયા, બાયડ શાખામાં ભરતા સદર ચેક કિલીયરન્સ માટે સદર ચેક કોર બેંકીંગ સીસ્ટમ

આધારે આરોપીની ખાતાવાળી બેંકમાં કલીયર થવા જતાં આરોપીની ખાતાવાળી બેંકના તા. ૧૮/૧૧/૨૦૨૪ નારોજ સદર ચેક રીટર્ન મેમા સાથે મેમામાં જણાવેલ કારણ '' ફન્ડ ઈન સફીસન્ટ '' ના શેરા સાથે કારણ વગર સ્વીકારચે પરત ફરેલ.જેની જાણ ફરીયાદીની ખાતાવાળી બેંકની શાખા મારફતે સદર ચેક તથા રીટર્ન મેમો આપી રુબરુ જાણ કરેલ અને ફરીયાદીને ચેકમાં જણાવેલ નાણાં મળેલ નહી.ફરીયાદીને આપેલ ચેકની તારીખે આરોપીએ તેમના ખાતામાં ચેકની રકમના નાણાં ખાતામાં કાયદેસર રાખવા બંધાયેલા અને જવાબદાર હોવા છતા આરોપીએ બેલેન્સ રાખેલ નથી તેથી ફરીયાદીએ વકીલશ્રી મારફતે તા. ૦૫/૧૨/૨૦૨૪ નારોજ રજી.પો..એ.ડી.દ્રારા સાદી પોસ્ટ દ્રારા નોટીસ બન્ને આરોપીના સરનામે મોકલાવેલ.જે નોટીસ તા. ૧૦ / ૧૨ /૨૦૨૪ નારોજ મળી ગયેલ છતા નોટીસમાં જણાવેલ સમય મર્યાદામાં ફરીયાદીની પાસેથી લઈ ગયેલ લેણાં પેટેની રકમ ચુકવી આપેલ નથી કે તેનો કોઈ જવાબ આપેલ નથી.જેથી નામદાર કોર્ટમાં ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ ની જોગવાઈ મુજબ કરેલ છે.

(૨) આ કામે આરોપીને સમન્સ કરતાં સમન્સની બજવણી થતાં તેઓ મુદતે નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલ છે અને આરોપીને બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે ફરીયાદીએ રજુ કરેલ ફરીયાદ તથા સાથેના દસ્તાવેજોની નકલો આપવામાં આવેલી. ત્યારબાદ આરોપીનું વટાઉખત અધિનિમયની કલમ–૧૩૮ના ગુન્હા સંબધે બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૨૭૪ અનુવ્યે આરોપીનુ નીવેદન **આંક– ૧૦** થી લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ હોય સદરહુ કામ ફરીયાદ પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**મૌખીક પુરાવો :**

| ક્રમ | સાહેદની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી – રાજેશ ટ્રેડીંગના પ્રોપોરાઈટર દિલીપકુમાર મદનલાલ શાહનું સરતપાસનુ સોગંદનામું | ૦૪ |

**દસ્તાવેજી પુરાવો :**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૦૧ | નગરપાલીકાની નોંધણી પ્રમાણપત્રની પ્રમાણીત નકલ | ૧૨ |
| ૦૨ | જી.એસ.ટી રજી.પ્રમાણપત્રની પ્રમાણીત નકલ | ૧૩ |
| ૦૩ | આરોપીએ ખરીદેલ માલ નં-૩૪૨૦ બીલની નકલ | ૧૪ |
| ૦૪ | આરોપીએ ખરીદેલ માલ નં-૩૮૮૬ બીલની નકલ | ૧૫ |
| ૦૫ | અસલ ચેક | ૧૬ |
| ૦૬ | અસલ ચેક રીટન મેમો | ૧૭ |
| ૦૭ | આરોપીને વકીલશ્રી મારફતે આપેલ નોટીસની સ્થળપ્રત | ૧૮ |
| ૦૮ | આરોપી.નં-૧ને નોટીસ રજી.પો.એડીથી મોકલેલ જે પોસ્ટની સફેદ પાવતી | ૧૯ |
| ૦૯ | આરોપી.નં-૨ને નોટીસ રજી.પો.એડીથી મોકલેલ જે પોસ્ટની સફેદ પાવતી | ૨૦ |
| ૧૦ | આરોપી નં-૧ ને નોટીસ બજ્યાની અસલ એક્નોલોજમેન્ટ | ૨૧ |
| ૧૧ | આરોપી નં-૧ ને નોટીસ બજ્યાની ઓનલાઇન એક્નોલોજમેન્ટ | ૨૨ |
| ૧૨ | આરોપી નં-૨ ને નોટીસ બજ્યાની ઓનલાઇન એક્નોલોજમેન્ટ | ૨૩ |

(૪) ફરીયાદપક્ષે ફરીયાદીએ પુરાવો પૂર્ણ કર્યા બાદ આ કામે આરોપી સામે બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ-૩૫૧ અન્વયે તેમનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીને ફરીયાદી ધ્વારા તેઓના વિરુધ્ધમાં જે કોઈ પુરાવો રજુ કરેલ છે,તેની તમામની નકલ આપેલ છે, આરોપીએ તેમના વિશેષ નીવેદનમા આ કામના ફરીયાદીને સીકયોરીટી પેટે ચેક આપેલ હોવાની અને ફરીયાદીએ આ સીકયોરીટી પેટેના ચેકનો દુરૂપયોગ કરી ખોટી ફરીયાદ કરેલ હોવાનો ખુલાસો કરેલ છે અને પોતાના વિશેષ નીવેદનમા ફરીયાદ પક્ષ દવારા રજુ કરવામા આવેલ પુરાવો ખોટો હોવાનો ખુલાસો કરેલ છે પરંતુ, હાલના આરોપીએ તેઓની સામેના આક્ષેપના બચાવમા પ્રથમથી જ કોઈ બચાવ કે પુરાવો રજુ કરેલા નથી. આરોપી ધ્વારા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૪૫(૨) મુજબની કોઈ અરજી આપેલ ન હોઈ, કે તેઓ ફરિયાદી ની ઉલટ તપાસ કરવા માંગે છે તેવી રજૂઆત કરેલ હોય તેવું રેકર્ડ ઉપરથી જણાઈ આવતું નથી. આમ, આરોપી પોતાની સામેના તમામ પુરાવાઓ જાણતો હોવા છતાં અરોપી પક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરી કે અન્ય કોઈ પુરાવો રજુ કરી ફરીયાદ પક્ષના પુરાવાનુ ખંડન કરેલ નથી. ત્યારબાદ સદર કામ દલીલ માટે મુલત્વી રાખવા માં આવેલ છે.

(૫) ફરીયાદી તરફે તેઓની મૌખિક દલીલમાં મહતમ રીતે ફરીયાદીએ તેઓનો કેસ પુરવાર કરેલ હોવાનુ તેમજ તેના સમર્થનમાં આપેલ પુરાવાનું સોગંદનામા અન્વયે આરોપી ધ્વારા ઉલટ–તપાસ કરવામાં આવેલ ન હોય, તથા ઉલટ તપાસનો હકક બંધ થયા બાદ હકક ખોલવાની કોઈ અરજી આપેલ ન હોય, તેવા સંજોગોમાં આરોપીને પુરતી તક આપેલ હોવા છતાં આરોપીએ પોતાનો બચાવ રજુ કરેલ ન હોય અને ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરેલ હોય તથા આરોપી ધ્વારા આ કામે તેઓના બચાવમાં કોઈ સાક્ષી કે પુરાવાઓ રજુ કરેલ નથી કે જાતે વીટનેસ બોકસમાં આવીને જુબાની આપેલ ન હોય,તેમજ રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાને ઘ્યાને લેતાં આરોપી સાથે વ્યવહાર કરેલ હોવાનુ અને તેના લેણા પેટે વાદગ્રસ્ત ચેક આપેલ હોવાનુ ફરીયાદી પુરવાર કરતા હોય, તેમજ આરોપી તરફે કોઈ સાક્ષી તપાસેલ ન હોય, તેવા સંજોગોમાં આરોપી વિરુઘ્ધનો ગુનો પુરવાર થતો હોય, કાયદામાં ઠરાવેલ મહતમ સજા કરવા રજુઆત કરેલ છે. આરોપીએ આ કામે હાજર રહી કોઈ દલીલ કે રજુઆત કરેલ નથી.

(૬) ફરીયાદ હકીકત,રેકર્ડમાં રજુ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા તથા કાયદાકીય જોગવાઈઓ ઘ્યાનમાં લેતાં, ફરીયાદપક્ષના કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

## –: મુદ્દાઓ :–

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી તથા આરોપી વચ્ચેના કેસ બાબતે તમો આરોપીએ ફરીયાદી પાસે આવી તા. ૧૬/૧૧/૨૦૨૪ના રોજનો ચેક નં–૦૦૦૩૫૫ નો રકમ રૂ. ૮૫,૨૫૯/–(અંકે રૂપિયા પંચાસી હજાર બસ્સો ઓગણસાહીઠ પુરા) નો બેંક ઓફ બરોડા,વીરપુર શાખાનો તેમાં આરોપીએ ચેક ભરી ભરાવી ને આપેલ.જે ચેક ફરીયાદી એ તેમના ખાતાવાળી બેંકમાં ચેક ભરતા જે ચેક પરત ફરેલ જે ચેક ભરતા સદર ઉપરોકત જણાવેલ ચેક સ્વીકારાયા વિના '' **ફંડસ ઈનસફીસીયન્ટ** '' શેરાથી પરત ફરેલ, તેથી તમો આરોપીને રજી. એ.ડી.થી નોટીસ આપેલ જે નોટીસ આરોપીનાઓએ સ્વીકારી નોટીસનો જવાબ નહી આપી તેમજ લેણા નીકળતા નાણાં નહી આપી, તમો આરોપીએ ધી નેગોશીએબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

<u>:: કા ર ણો ::</u>

(૮) સદર કામમાં કેસના ગુણદોષો નકકી કરતા અગાઉ સદરહું કાયદા અંગે સ્પષ્ટીકરણ જરૂરી જણાતુ હોય સદરહું કામમાં જે ગુના સબબ હાલની ફરીયાદ દાખલ થયેલ હોય તેની કાયદાકીય જોગવાઈ લક્ષમાં રાખીએ તો **ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ—૧૧ ૮ મુજબ** :- ફરીયાદ વાળો ચેક એથી વિરુધ્ધનુ સાબીત ન થાય ત્યાં સુધી તે (અ) અવેજ વિશે,(બ) તારીખ વિશે, (ક)સ્વિકારના સમય અંગે, (ડ) તબદીલીના સમય અંગે,(ઈ) શેરાઓના ક્રમ વિશે, (ફ) સ્ટેમ્પ વિશે, (ગ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે, અનુમાન કરવાનું છે.**પુરાવના બોજા વિશે** એ પ્રસ્થાપીત હકીકત છે કે , ચેક એ વિનીમયપત્ર છે અને વિનીમયપત્ર અન્વયે ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ—૧૧૮ મુજબ જો વિરૂધ્ધનુ પુરવાર કરવામાં ન આવે તો અવેજ, તારીખ,સ્વીકારવાનો સમય,તબદીલીનો સમય,શેરાઓના ક્રમ, ગુમ થયેલ વિનિમયપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સંબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો ક્રમિક ધારણકર્તા હોવા અંગે કાનુની અનુમાન ધારણા કરી લેવામાં આવશે.તેવી જ રીતે નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ —૧૩૯ વંચાણે લેતા તેમાં પણ '' જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ,ત્યા સુધી એવું અનુમાન કરવામાં આવશે કે ,ચેકના ધારકે કલમ – ૧૩૮માં જણાવેલ ચેક, કોઈ દેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશત: જવાબદારી હતો '' આમ,કલમ—૧૩૯ની જોગવાઈઓ જોતા ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ સદર કલમમાં કરવામાં આવેલ હોવાનું ફલીત થાય છે. તેવી જ રીતે ધી નેગોશીએબલ ઈનસ્ટુમેન્ટ એકટની કલમ—૨૦ મુજબ જો કોઈ વ્યકિત વિનમયપત્ર ઉપર સહી કરી અન્યને આપે અને તે સંપૂર્ણ ક્રોસ હોય કે અપૂર્ણ વિગતવાળો હોય તો તેવી આપનાર વ્યકિત પ્રથમ દર્શનીય રીતે અન્ય વ્યકિતને એવી સતા હસ્તાતંર કરે છે કે , તેમાંની અપૂર્ણ વિગત અથવા અન્ય જરૂરી વિગતો અથવા અન્ય જરૂરી ભરવાની વિગત તેણે સંપૂર્ણ કરી લઈ વિનીમયપત્ર ઉપયોગમાં લેવાનો છે.આમ,ઉપરોકત નોંધેલ કલમ—૧૧૮ ,૧૩૯ અને ૨૦ અન્વયે ઉપલબ્ધ કાનુની અનુમાન અને ધારણ હાથ ઉપરના કેસમાં , ફરીયાદી વિનીમયપત્રનો ધારણકર્તા હોવાનુ

માનવાને સબળ કારણ રહે છે. એ ખરૂ છે કે, કાનુની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારની છે , અને જો વિરૂધ્ધનુ પુરવાર કરવામાં આવે તો તેનું કાનુની મુલ્ય રહેતુ નથી.આમ વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યા સુધી એવુ અનુમાન કરવામા આવશે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ –૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજમુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. વણચુકવ્યો પરત થયેલો ચેક હાલનું કાયદેસરનું દેવુ કે જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામાં આવશે.આનાથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ વણ ચુકવ્યા ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર પર રહે છે. આમ કલમ ૧૧૮(એ) અને ૧૩૯ ના અનુમાનો એ કાયદાના અનુમાનો છે ચોકકસ અનુમાનો છે અને આરોપી તરફથી જયાં સુધી વિરૂધ્ધ નું પુરવાર ન થાય ત્યા સુધી તે ખંડીત થતા નથી. આ કામે સર્વોચ્ચ અદાલત ધ્વારા એ સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે આરોપીએ જેવો શંકાથી પર ચુસ્ત પુરાવો આપવા માટે આરોપીએ સાક્ષીના પાંજરામાં પણ આવવાની જરૂર રહેતી નથી. એટલે કે અનુમાનનું ખંડન આરોપી, ફરીયાદપક્ષે જે પુરાવો રજુ કરેલો છે તેના ધ્વારા પણ તે કરી શકે છે અને આરોપી ધ્વારા માત્ર શંકા ઉત્પન્ન કરતો કે શકય પુરાવો આપવો જ જરૂરી છે.

(૯) હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી ધી.નેગો.ઈ.એકટની કલમ :૧૩૮ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય અંગે ચલાવવામાં આવી છે. સદર કલમ અંગેનો સૌપ્રથમ આવશ્યક તત્વ એ છે કે, વાદગ્રસ્ત ચેક કાયદેસરનું દેવુ કે જવાબદારી પુરેપુરી કે અંશત: અદા કરવા માટે આપવામા આવ્યો હોવો જોઈએ. જે હકિકત પુરવાર કરવા અંગે સાબિતીનો પ્રારંભિક બોજો ફરીયાદી ઉપર હોય છે જે બોજાનું ફરીયાદી વહન કરે કે તુરંતજ ધી નેગો.ઈ.એકટની કલમ:૧૩૯ અન્વયે ચેક ધારણ કરનાર યાને કે હાલના ફરીયાદીની તરફેણમાં તેમજ ચેક ડ્રો કરનાર યાને કે હાલના આરોપીની વિરુધ્ધમાં સ્ટેચ્યુટરી અનુમાન કરવાનુ રહે છે જે અનુસાર વાદગ્રસ્ત ચેક કાયદેસરના દેવા કે જવાબદારીની સંપુર્ણત: અથવા તો અંશત: ચુકવણી કરવા માટે આપવામાં આવ્યો હોવાનું અનુમાન કરવાનું રહે છે. સદર અનુમાન કાયદાકીય અનુમાન છે અને જે ખંડનાત્મક અનુમાન છે. ખંડનાત્મક પુરાવો રજુ કરવાનો સંપુર્ણ બોજો આરોપીની ઉપર રહે છે.સદર ખંડનાત્મક પુરાવો રજુ કરવા માટે કોઈ સીધો કે પ્રત્યક્ષ પુરાવો હોવો જ

જોઈએ તેવું જરુરી નથી. આરોપી કેસના રેકર્ડ ઉપર એવા સંજોગોથી પ્રસ્થાપિત કરી શકે કે જેનાથી વાદગ્રસ્ત ચેક કોઈ કાયદેસરના દેવા માટે આપ્યો જ ન હોવાની સંભાવના ઘણી જ પ્રબળ હોય તો તેનાથી પણ સદર અનુમાનનુ ખંડન થયાનું ગણી શકાય.

(૧૦) **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ નો ગુનો જોઈએ તો તેના તત્વો નીચે મુજબ છે.**

૧: કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામાં આવેલો હોવો જોઈએ. ૨: ચેકના લખનાર વ્યકિતના ખાતામાં અપુરતા નાણા ભંડોળના કારણે જ ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ. ૩: ચેક લખ્યા તારીખથી છ માસની સમયમર્યાદામાં કલીયર થવા માટે બેન્કમાં રજુ થયેલ હોવો જોઈએ. ૪: ચેકનો અનાદર થયાબાદ બેન્ક તરફથી માહિતી મળ્યાના ૧૫ દિવસની અંદર(હવે સુધારો થયા બાદ ૩૦ દિવસની અંદર) ચેક લખનારને લેખિત ડીમાન્ડ નોટીસ આપીને ચેકમાંની રકમની માગણી કરેલી હોવી જોઈએ. ૫: નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ. ૬: દેવુ કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ. આમ, ઉપરોકત તમામ તત્વો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થાય તો જ આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧ ૩૮ અન્વયેના ગુન્હા સબબ દોષિત ઠરાવી શકાય. આવી જ રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૯ ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન કરવા બાબત છે એટલે કે વિરુધ્ધની હકિકત સાબિત ન થાય ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવે છે કે,તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ– ૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવા કે અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજામુકત થવા બદલ તે ચેક મેળવ્યો હશે અને આ વણચૂકવાયેલ પરત થયેલ ચેક હાલના કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા સારુ જ આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામા આવશે. આમ, આ કામે **આંક– ૧૬** નો ચેક કાયદેસરના દેવા કે જવાબદારી બદલ બોજામાંથી મુકત થવા માટે આરોપીએ ફરીયાદીને આપેલ છે અને આ દેવુ કે જવાબદારી કાયદેસરની છે.અને તેનો કાયદા ધ્વારા અમલ કરાવી શકાય તેવો છે. તેવુ કલમ–૧૩૯ અન્વયે આ અદાલત અનુમાન કરેશે. આનાથી વિરુધ્ધનું પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ **આંક– ૧૬** નો ચેક

વણચૂકવ્યા ચેકની વર્તમાનની યાને હાલનો કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો અથવા તો તે ચેક બિનઅવેજી હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર ઉપર રહે છે. આ કામે હાલના આરોપી ઉપર આ બોજો રહે છે.

આમ, કલમ–૧૧૮ અને ૧૩૯ ની કાનૂની જોગવાઈઓ જોઈએ તો કોર્ટ હંમેશાં ફરીયાદીની તરફેણમાં અનુમાન કરવા બંધાયેલ છે, અદાલત ફરીયાદીની તરફેણમાં કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબ અનુમાન ન કરે તે માટે વિરુધ્ધનું પુરવાર કરવાનો બોજો કાયદા ધ્વારા આરોપી ઉપર નાખવામાં આવેલ છે.પરંતુ કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ અન્વયે આ કોર્ટ હાલના આરોપી વિરુધ્ધ ત્યારે જ ઉપર કહયા મુજબ અનુમાન કરી શકે છે કે જયારે ફરીયાદીની ફરીયાદ કલમ–૧૩૮ અને કલમ–૧૪૨ અન્વયે સમય મર્યાદામાં જ દાખલ કરવામાં આવેલી હોવી જોઈએ અને આ બે કલમોમાં જણાવેલ આદેશાત્મક જોગવાઈઓનુ ફરીયાદ પક્ષે નિ:શંકપણે પાલન કરેલ હોવુ જોઈએ.

(૧૧) આ કામમા ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો જોઈએ તો આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદીએ **આંક–૦૪ થી ફરીયાદી –રાજેશ ટ્રેડીંગના પ્રોપોરાઇટર દિલીપકુમાર મદનલાલ શાહ** નાઓએ સોગંધનામાં ઉપર લેખીત સર તપાસ રજુ કરેલ છે. જેમાં તેઓએ તેમની આંક–૧ ની અરજીમાં જણાવેલ હકીકતો મુજબની હકીકતો તેમની સરતપાસમાં જણાવતાં હોય, જેથી પુનરાવર્તનનો દોષ ટાળવા સારુ સદર સરતપાસની ચર્ચા અત્રે કરવામાં આવતી નથી. ફરીયાદ પક્ષે આંક– **૧૨** થી આંક – **૨૩** દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

આ કામના આરોપીને ફરીયાદીની ઉલટતપાસ માટે પુરતી તક આપવામાં આવેલ. પરંતુ આરોપી હાજર ન રહેતા અને ફરીયાદી તરફે કરેલી રજુઆત અને રેકર્ડ પરના આરોપીનુ વર્તન લક્ષમાં રાખીને ફરીયાદીની ઉલટતપાસનો આરોપીનો હકક બંધ કરવાનો હુકમ કરી આરોપીનો ફરીયાદીની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામા આવેલ છે. આમ, સદર કામમાં અત્રેની કોર્ટનું નમ્રપણે માનવુ છે કે, સદર કામમાં ફરીયાદીએ **આંક–૦૪** થી સરતપાસનો પુરાવો આપેલ છે અને તેઓ ધ્વારા **આંક–૧૬** વાળો તકરારી ચેક ફરીયાદીએ પોતાના ખાતામાં નાંખેલ હોવાની અને **આંક–૧૭** વાળા રીટર્ન મેમોથી પરત થયેલ હોવાની હકીકત જણાવેલ છે. ત્યારબાદ નિયમઅનુસાર સમય મર્યાદાની અંદર **આંક–૧૮** થી ડીમાન્ડ નોટીસ આરોપીને આપવામાં આવેલી. જે નોટીસ આરોપીને બજી ગયેલી ત્યારબાદ

આરોપીએ નિયત સમયમા ફરીયાદીને ચેકની રકમ ચુકવી આપેલ ન હતી જેથી સદરહું ફરીયાદ આરોપી ધ્વારા અત્રેની કોર્ટમાં નિયમઅનુસાર દાખલ કરવામાં આવેલી. આમ સદરહું ફરીયાદીએ જે ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની ક–૧૩૮ અન્વયે દાખલ કરેલ છે તેમાં સદરહું કાયદાના તમામ પ્રાવધાનો પુર્ણ કરવામાં આવેલ છે ત્યારે ફરીયાદીની તરફેણમાં સદરહું કાયદાની કલમ–૧૧૮ તથા ૧૩૯ નું અનુમાન ઉત્પન્ન થવા પામેલ છે. આમ, સદર દસ્તાવેજી પુરાવાઓ નુ અવલોકન કરતા તે સ્પષ્ટ થઈ જાય છે કે, આરોપીને સદર ચેકો પરત ફર્યા બાબતની લીગલ નોટીસ આપવામાં આવેલ છે. જે લીગલ નોટીસ અન્વયે આરોપીએ કોઈ વાંધો કે તકરાર લેખિતમાં લીધેલ નથી. આ કામે વાદવાળા ચેકોમાં પોતાની સહી નથી કે પોતે કાયદેસરના લેણા પેટે આ ચેકો આપેલો નથી તેવું પણ આરોપીનું કથન નથી. આમ, નોટીસ બાદ આરોપીએ નાણા ચુકવેલ ન હોય, જેથી હાલની ફરીયાદ કરેલ હોવાનુ જણાવેલ છે. આમ, ફરીયાદી ધ્વારા નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબની તમામ પ્રક્રિયા કરેલ હોવાનુ ફલિત થાય છે. આરોપી ધ્વારા ફરીયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ હોય તેવુ રેકર્ડ પરથી જણાય આવતુ નથી. આરોપી ધ્વારા ફરીયાદીની ઉલટ તપાસ કરવા હાજર રહેલ ન હોય, ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ હોવાનુ રેકર્ડ પરથી ફલિત થાય છે. આમ, ફરીયાદીનું પુરાવાનું સોગંદનામું વંચાણે લેવામાં આવે તો ફરીયાદી એ તેમા જણાવેલ હકીકતો તેમની ફરીયાદને મદદરુપ થતી હોવાનુ તથા આરોપી ધ્વારા આપવામાં આવેલ ચેક રીર્ટન થયેલ તેમજ તેઅંગેની કાયદેસરની નોટીસ આપતા, નોટીસ મુજબના નાણાં આરોપીએ ચુકવેલ ન હોય, જેથી હાલની ફરીયાદ કરેલ હોવાનુ પુરવાર કરેલ છે. ફરીયાદીની ફરીયાદ તથા પુરાવાનું સોગંદનામું વંચાણે લેતા ફરીયાદીએ આરોપી સામેનો કેસ પુરવાર કરેલ હોવાનુ ફલિત થાય છે.

(૧૨) આ કામે કાયદાકીય જોગવાઈ તથા નામ.સુપ્રિમકોર્ટ ધ્વારા આપવામાં આવેલ ચુકાદા ને વંચાણે લેવામાં આવે તો, નામ. સુપ્રિમ કોર્ટ ધ્વારા Mallavarapu Kasivisweswara Rao v. Thadikonda Ramulu Firm & Ors. માં નીચે મુજબ ઠરાવેલ છે.

"Under Section 118(a) of the Negotiable Instruments Act, the court is obliged to presume, until the contrary is proved, that the promissory note was made for consideration. It is also a settled position that the initial burden in this regard lies on the defendant to prove the non-existence of consideration by bringing on record such facts and circumstances which would lead the Court to believe the

non-existence of the consideration either by direct evidence or by preponderance of probabilities showing that the existence of consideration was improbable, doubtful or illegal. ..."

ઉપરોકત ચુકાદાને વંચાણે લેવામાં આવે તો નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા કલમ ૧૧૮ એ અંગે ની ચર્ચા કરેલ છે અને ઠરાવેલ છે કે,આરોપી દ્વારા એ સાબિત કરવાનુ રહે છે કે, જે વ્યવહાર થયેલ છે તેનુ કોઈ અસ્તિત્વ નથી તથા તે અંગેનો પુરાવો રજુ કરવાનો રહે અથવા તો, જે કંઈ પુરાવો ફરીયાદપક્ષે રજુ કરવામાં આવે તે પુરાવા પરથી જો કોઈ શંકા ઉપસ્થિત થતી હોય તો, તે શંકા બાદ જો આરોપી પુરવાર કરે કે કહેવાતુ કોઈ લેણું ફરીયાદી મેળવવા હકકદાર નથી તો ત્યારબાદ ફરીયાદીએ આવુ લેણુ હતુ કે કેમ તે પુરવાર કરવાનુ રહે છે. તે સિવાય કલમ–૧૧૮(એ) મુજબ વિરુધ્ધનુ સાબિત ન થાય ત્યાં સુધી એવુ માની લેવાનુ રહે છે કે, ચેક અવેજ માટે આપવામાં આવેલ અને તેમાં જયારે પણ સહી કરવામાં આવેલ ત્યારે તે પુરતા અવેજ સાથે સ્વીકારવામાં આવેલ. હાલના કિસ્સામાં પણ આરોપી દ્વારા તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી જેનાથી વાદગ્રસ્ત ચેક તેઓએ ફરીયાદીને કોઈ અવેજ વગર આપેલ હોય, અથવા તો ફરીયાદીએ કોઈ અન્ય રીતે વાદગ્રસ્ત ચેક મેળવીને તેનો દુરપયોગ કરેલ હોય, જેથી વાદગ્રસ્ત ચેક જે તે સમયે કાયદેસરના લેણા માટે આપેલ હોવાનુ પુરવાર થાય છે.

(૧૩) ફરીયાદી દ્વારા નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદા પર આધાર રાખેલ છે જે વંચાણે લેવામાં આવે તો, નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા Rangappa vs Sri Mohan on 7 May, 2010 Criminal Appeal No. 1020 OF 2010 માં નીચે મુજબ ઠરાવેલ છે.

22. Because both section 138 and 139 require that the Court `shall presume' the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, ..., it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption has been established. It introduces an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused (...). Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the court may presume a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law

or fact unless the accused adduces evidence showing the reasonable probability of the non-existence of the presumed fact.

ઉપરોકત ચુકાદાને વંચાણે લેવામાં આવે તો નામદાર સુપ્રિમ કોર્ટ ઘ્વારા કલમ–૧૩૮ તથા ૧૩૯ અંગેની ચર્ચા કરેલ છે. અને ઠરાવેલ છે કે, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ મુજબ જયારે આરોપી ઘ્વારા ફરીયાદીને ચેક આપવામાં આવેલ અને તે ચેક બેંકમાં જમા કરાવ્યેથી જો તે રીટર્ન થાય તો, તે અંગેની જાણ થયેથી ફરીયાદી ઘ્વારા આરોપીને નોટીસ આપવાની રહે છે. તે નોટીસ મળેથી જો આરોપી નોટીસ નો અમલ ન કરે તો, ફરીયાદી તે અંગેની ફરીયાદ નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ દાખલ કરી શકે છે અને કલમ–૧૩૯ મુજબ વિરુઘ્ધન અનુમાન સાબિત કરવાની જવાબદારી આરોપીની રહે છે અને ફરીયાદી ઘ્વારા રજુ રાખવામાં આવેલ પુરાવા તથા જરુર પડયેથી આરોપી પોતાના પુરાવા રજુ રાખીને જો એવુ પુરવાર કરે કે, ચેકમાં દર્શાવેલ રકમ મુજબનુ ફરીયાદીનુ કાયદેસરનુ લેણુ ન હતુ અથવા તો ફરીયાદી ચેકમાં દર્શાવેલ રકમ કાયદેસર રીતે, મેળવવા હકકદાર નથી તો ત્યારબાદ તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદી પર શીફટ થાય છે. હાલના કેસમાં આરોપી ઘ્વારા એવો કોઈ પુરાવો આપેલ નથી કે, ફરીયાદીનુ કાયદેસરનુ કોઈ લેણુ નથી. ફરીયાદી ઘ્વારા આરોપીએ આપેલ ચેકો બેંકમાં જમા કરાવતા પરત થયેલ હોવાનુ તથા તે ચેક પરત થવાનુ કારણ તથા આરોપી ને નોટીસ આપેલ હોવાનુ પુરવાર કરેલ છે. તેવા સંજોગોમાફરીયાદી ઘ્વારા આરોપી વિરૂઘ્ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ મુજબનો ગુનો પુરવાર કરેલ હોવાનું ફલિત થાય છે.

(૧૪) જયારે એક વખત આરોપીને પોતાની સામે કેસ ચાલે છે તેની જાણ છે ત્યારે આરોપીની અદાલત સમક્ષ હાજર થવાની ફરજ છે. તેમની સામેના પુરાવા નો ખુલાસો કરવા પુરતી તક આપેલ હોવા છતાં આરોપી હાજર રહેલ ન હોય, તેવા સંજોગોમાં આરોપી કેસની કાર્યવાહી થી છટકવા અથવા જાણી જોઈ ને પોતે પોતાની સામેના કેસની કાર્યવાહીથી બચવા છુપાતો ફરતો હોય ત્યારે આરોપીની ગેરહાજરી પણ કેસ ચાલી શકે છે તેમજ બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૩૯૨(૬) માં કરવામા આવેલ જોગવાઈ મુજબ અદાલત આરોપીની ગેર હાજરીમાં ચુકાદો જાહેર કરી શકે છે. Be You Ever So High, But The Law Is Above You, કાયદાથી પર કોઈ નથી. આરોપીને બચાવની તક આપવી જોઈએ અને આ જોગવાઈ તેને રક્ષણાત્મક જોગવાઈ તરીકે આપવામાં આવેલ છે. પરંતુ આરોપી ખાસ કરીને નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામા તેનો હથીયાર તરીકે ઉપયોગ કરી કાયદાકીય પ્રક્રિયાને નિષ્ક્રીય અથવા તો

શિથીલ બનાવવાનો પ્રયત્ન કરે છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા Sharad Jethalal Savla vs State of Gujarat Cr. Mic. App.19862 of 2015 Dt. 14/11/2016 માં નીચે મુજબ ઠરાવેલ છે.

Para 16 : " if a person accused of an offence and convicted as such avoids arrest and avoids imprisonment as sentenced by the criminal court. Such an incident only makes the justice delivery system insignificant and renders justice ineffective. Legal justice requires that an offender convicted of a crime must suffer the imprisonment as otherwise there would be social anarchy. People would contravene the law with impunity without any attending punishment for violating the law. The very foundations of democracy and rule of law would be shaken and that is the reason why the Courts strive to treat all persons before the criminal law as equal. Whether one is rich or poor, whether one is in powerful or powerless, the criminal law is equally applied to all equally.

Para 17 : " Be you ever so high, but the law is above you', is the signature theme of rule of law that loudly and silently (as well) echoes in the Indian Constitutional context. The purpose of the Constitution itself is to equalize the men (and women) before the law. Equal protection of laws and equality before the law does not make any distinction between the Ruler and the ruled when it comes to enforcing the criminal sanctions. If a convict with money power as well as political power can avoid the punishment imposed by the highest Court of the State, the Court which imposed such punishment cannot be a mute spectator or dumb listener to be soothed by high caliber forensic oratory of the counsel at the altar of justice. The Court must and ought to take a serious view of such bizarre incidence: be it one in million. Of course, the law makers and law enforcers must willingly assist the Court in angling the convict avoiding and dodging the law makers, the law enforcers and the law interpreters (Judges and Courts).

ઉપરોકત ચુકાદાને વંચાણે લેવામાં આવે તો નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઠરાવેલ છે કે આરોપીને પોતાની સામે કેસ ચાલે છે તેની જાણછે ત્યારે આરોપી ની અદાલત સમક્ષ હાજર થવાની ફરજ છે. તેમની સામેના પુરાવાનો ખુલાસો કરવા પુરતી તક આપેલ હોવા છતાં આરોપી હાજર રહેલ ન હોય, તેવા સંજોગોમાં આરોપી કેસની કાર્યવાહીથી છટકવા અથવા જાણી જોઈને પોતે પોતાની સામેના કેસની કાર્યવાહીથી બચવા છુપાતો ફરતો હોય ત્યારે આરોપીની ગેરહાજરી પણ કેસ ચાલી શકે છે.

(૧૫) નામદાર ગુજરાત હાઈ કોર્ટ દ્યારા Special Criminal Application no.4194/ 2014, Mukeshbhai Ishwarbhai Prajapati Vs. State of Gujarat ના ચુકાદામાં નીચે મુજબ ઠરાવેલ છે. Yet again in a recent pronouncement of the Supreme Court of India of Indian banks Association and Others and union of India and others (2014) 5 SCC 590, the Supreme Court reiterated the position of law explaining that under section 145 of the Act, the complainant can give his evidence by way of an affidavit and such affidavit shall be read in evidence in any inquiry trial and other proceeding in the Court, which makes it clear that complainant is not required to examine himself twice i.e. one after filing the complaint and one after summoning of the accused. The court further explained that the affidavit and the docu ments filed by the complainant along with the complaint for summon in stage and the pose summoning stage. In other words, there is no necessity to recall and re-examine the complainant after summoning the accused, unless the Magistrate passes a specific order as to why the complainant is to be recalled. such an order is to be passes on an application made by the accused or under section 145(2) of the Act suo-motu by th court.

(૧૬) બી.એન.એસ.એસ. ૨૦૨૩ મા કરવામા આવેલ જોગવાઈ વંચાણે લેતાં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

**Section 392. Judgment**

(7) No judgment delivered by any Criminal Court shall be deemed to be invalid by reason only of the absence of any party or his pleader on the day or from the place notified for the delivery there of, or of any omission to serve, or defect in serving, on the parties or their pleaders, or any of them, the notice of such day and place.

**Section 458. Execution of sentence of imprisonment**

(1) Where the accused is sentenced to imprisonment for life or to imprisonment for a term in cases other than those provided for by section 413, the Court passing the sentence shall forthwith forward a warrant to the jail or other place in which he is, or is to be, confined, and, unless the accused is already confined in such jail or other place, shall forward him to such jail or other place, with the warrant :

Provided that where the accused is sentenced to imprisonment till the rising of the Court, it shall not be necessary to prepare or forward a warrant to a jail, and the accused may be confined in such place as the Court may direct.

(2) Where the accused is not present in Court when he is sentenced to such imprisonment as is mentioned in sub-section (1), the Court shall issue a warrant for his arrest for the purpose of forwarding him to the jail or other place in which he is to be confined; and in such case,the sentence shall commence on the date of his arrest.

ઉપરોકત જોગવાઈ વંચાણે લેતાં આરોપીને પોતાની સામે કેસ ચાલે છે તેની જાણ છે ત્યારે આરોપીની અદાલત સમક્ષ હાજર થવાની ફરજ છે. તેમની સામેના પુરાવાનો ખુલાસો કરવા પુરતી તક આપેલ હોવા છતાં આરોપી હાજર રહેલ ન હોય, તેવા સંજોગોમાં આરોપી કેસની કાર્યવાહી થી છટકવા અથવા જાણી જોઈ ને પોતે પોતાની સામેના કેસની કાર્યવાહીથી બચવા છુપાતો ફરતો હોય ત્યારે આરોપીની ગેર હાજરી પણ કેસ ચાલી શકે છે.

(૧૭) આમ, આ કામે ફરીયાદપક્ષે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ની મેન્ડેટરી જોગવાઈઓનું પાલન કરી, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮(એ) અને ૧૩૯ ની જોગવાઈઓ સબબ અત્રેની અદાલતે જે અનુમાનો અવેશ વિશે અને ધારક આ ચેકનાં નાણાં વસુલ મેળવવા હકકદાર છે તે અંગેના અનુમાનો વિરુધ્ધમાં બચાવપક્ષે કોઈ ખંડનીય પુરાવો રજુ કરેલ ન હોવાના કારણસર ફરીયાદપક્ષનો આ કેસ નિ:શંકપણે સાબીત થયેલ હોવાનું અત્રેની અદાલત માને છે. નામદાર સર્વોચ્ચ અદાલતે **આર.વિજયન વિ. બેબી અને બીજા** ના ચુકાદામા ફરીયાદીને વળતર તરીકે યોગ્ય રકમ ચુકવવાનો હુકમ કરવાની હિમાયત કરી છે તે હકિકત ધ્યાને લેતા હાલના કેસમા પણ બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ-૩૯૫ અન્વયે ફરીયાદીને વળતર ચુકવી આપવાનો હુકમ કરવો અને તેમા કસુર કર્યેથી કેદની સજાનો હુકમ ફરમાવવો પણ વ્યાજબી,ન્યાયી અને ઉચિત જણાય છે. આરોપીએ આર્થિક ગુનો કરેલ છે. અત્યારના પ્રવર્તમાન સમયમાં ધંધાને લગતા તમામ નાણાંકીય વ્યવહારો ચેક ઉપર આધારીત છે. મોટી રકમના નાણાંની લેવડ દેવડ ચેકથી થાય છે અને આ ચેક ચલણી નોટ જેવો ક્ષતિ રહીત હોવો જોઈએ. એક વખત જો એક વ્યકિત બીજી વ્યકિત કે બેંકને ચેક આપે તો તે ચેકનું અવમુલ્યન થવું જોઈએ નહી. ચેક પરત ફરે તો તેનો અર્થ એવો થાય કે ચેકનું અવમુલ્યન થયેલ છે અને તેની કોઈ કીંમત નથી તેવું કહી શકાય અને એટલા માટે જ ચેક પરત ફર્યા અંગેની ફરીયાદમાં પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ અને બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ-૪૦૧ ની જોગવાઈનો લાભ આપવો જોઈએ નહી. આમ ઉપર મુજબ તમામ હકીકત અને ચર્ચા જોતાં આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ તેમજ બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ-૪૦૧ ની

જોગવાઈનો લાભ આપવા પાત્ર નથી. કાયદાની જોગવાઈ તથા ચેકની રકમ ધ્યાનમાં લેતાં આરોપીને યોગ્ય સજા અને યોગ્ય દંડ થવો જોઈએ તેમ હુ માનુ છું અને ફરીયાદીને પણ પુરતો ન્યાય મળ્યો છે તેવો અહેસાશ થશે આવા સંજોગોમાં ફરીયાદવાળો ચેક આ કામના આરોપીએ ફરીયાદીને કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપ્યો છે તે હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરતા હોય જેથી મુદા નં.૧ પરત્વે નો જવાબ હકારમા આપી મુદા નં. ૨ અન્વયે નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમા જાહેર કરું છુ.

**-:: હુકમ ::-**

(૧) આથી બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ-૨૭૮(૨) અન્વયે આરોપી-રમેશભાઇ મનોહરભાઇ પ્રજાપતિ, રહે. પાસરોડા, દુધમંડળીની બાજુમાં, તા.વિરપુર, જી.મહીસાગરનાઓને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૮૮૧ની કલમ-૧૩૮ ના ગુન્હામાં તકસીરવાન ઠરાવીને વર્ષ-૧ (એક) ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ-૩૯૫ અન્વયે આરોપીએ ફરીયાદીને વળતર તરીકે ફરીયાદમા જણાવેલ ચેકની રકમ રૂા. ૮૫,૨૫૯ /-( અંકે રૂપીયા પંચાસી હજાર બસ્સો ઓગણસાહીઠ પુરા) આજથી માસ-૧ ની મુદ્દતમા ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે છે. જો આરોપી સદર વળતરની રકમ ચુકવવામા કસુર કરે તો તેઓએ વધુ ૩ માસ (ત્રણ માસ)- ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામા આવે છે.

(૩) આરોપી હાજર ન હોય, આરોપી વિરુધ્ધનુ સજા વોરંટ ડી.એસ.પી. શ્રી લુણાવાડા-મહીસાગર નાઓ ને બજવણી અર્થે મોકલવુ.

(૪) આરોપી હાજર થાય ત્યારે આરોપીને આ ચુકાદાની નકલ તુરંત વિનામુલ્યે પુરી પાડવાનો હુકમ કરવામા આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ ૧૭ મી માહે : માર્ચ , સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| બાયડ<br>તા. ૧૭/૦૩/૨૦૨૬ | ( વિજય ચંદુલાલ મકવાણા )<br>એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ<br>બાયડ<br>કોડ નં. જી.જે. ००૯૯૭ |